For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ઇકો ફેસીલીટીઝ મેનેજમેન્ટ સર્વિસીસના માલિકો સામે મનુષ્ય વધનો ગુનો દાખલ

**માંજલપુરમાં નિવૃત** ડીવાયએસપીના પુત્રનું ખુલ્લી ગટરમાં પડી જતા મોતને મામલે પોલીસની કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં ગત ખુલ્લી ગટરમાં પડી જવાના કારણે રીટાયર્ડ ડીવાયએસપીના પુત્ર યુવકનુ મોત નિપજ્યું હતું. આ ઘટનામાં મહાનગરપાલિકા તથા ઈજારો ધરાવાનાર કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીને કારણે નિવૃત્ત DySPના પુત્ર વિપુલસિંહ મોહનસિંહે પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. માંજલપુર પોલીસ સ્ટેશનમાં મૃતક પત્નીએ ઈકો ફેસિલિટી મેનેજમેન્ટ સર્વિસીસ નામની એજન્સીના માલિકો અને જવાબદાર કર્મચારીઓ અને અધિકારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં માંજલપુર પોલીસ દ્વારા સાંપ્રત મનુષ્ય વધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

એમા વિગત છે કે ગત 26 ડિસેમ્બરના રોજ ના રોજ અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકીની સાફ સફાઈનુ કામ કરનાર કોન્ટ્રાક્ટર કંપની ઈકો ફેસીલીટીઝ મેનેજમેન્ટ સર્વિસીસના માલિકો તથા અન્ય કર્મચારીઓ દ્વારા માંજલપુર ઓવરહેડ અને અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકીના મુખ્ય ગેટની બાજુમાં રોડ પર આવેલી ગટરના મેઈન ઢાંકણાનો હોલ ખુલ્લો રાખવામાં આવ્યો હતો. તેમાં કોઈ જાહેર નાગરીક ગટરના હોલમાં પડી જાય તો મૃત્યુ થાય તેવો સંભવ હોય તેમ જાણવા છતા ગટરના હોલનુ ઢાંકણ બંધ નહી કરી તેમજ યોગ્ય બેરીકેડીંગ નહી કરતા નિવૃત ડીવાયએસપીના પુત્ર વિપુલસિંહ મોહનસિંહ ઝાલા (રહે- મકાન નં.12,ગાયત્રીકૃપા સોસાયટી, કબીર મંદિર પાછળ, માંજલપુર ગામ, વડોદરા)નું તેમા પડી જવાના કારણે મોત થયું હતું. મોતના સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. માધવીબા વિપુલસિંહ ઝાલાએ માંજલપુર સ્ટેશનમાં કોન્ટ્રાક્ટર કંપનીના માલિક તથા કોન્ટ્રાકર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી માંજલપુર પોલીસ દ્વારા કોન્ટ્રાક્ટર સહિતના કર્મચારીઓ વિરુદ્ધમાં ભારતીય ન્યાય સંહિતા 2023 ની કલમ 105, 54, મુજબનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવ્યો છે.

### કોન્ટ્રાક્ટર સામે મીલીભગત કરનાર અધિકારીઓ સામે એક્શન લેવાશે ?

વડોદરા મહાનગર પાલિકામાં અલગ અલગ ડિપાર્ટમેન્ટમાં ડ્રેનેજ, રોડ, લાઇટ સહિત વિવિધ કામોને કરવા માટે પરવામાનેદારને પરવાનો આપવામાં આવે છે. પરંતુ ઘણા અધિકારીઓ દ્વારા કોન્ટ્રાક્ટર દ્વાર બેદરકારી દાખવવામાં આવતી હોવા છતાં કેટલાક લાલચી અધિકારીઓના કારણે કોન્ટ્રાક્ટર સાથે સેટિંગ કરીને અંદર ખાને બધુ ચલાવી લેવામાં આવતુ હોય છે. પરંતુ માંજલપુર વિસ્તારમાં બનેલી ઘટનાના પગલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા કોન્ટ્રાક્ટરને કડક કાર્યવાહી કરાઇ છે અને આગામી દિવસોમાં પણ કોન્ટ્રાક્ટર સામે બેદરકારી નહી ચલાવી લેવાઇ તેના આકરી સૂચના અપાતા હવે કોન્ટ્રાક્ટરોમા ભયનો માહોલ ફેલાયો છે અને કોન્ટ્રાક્ટર સાથે મીલીભગત કરનાર લોભિયા અધિકારીઓ સામે પણ એક્શન લેવાશે તેવી ચર્ચાએ ફેલાતા અધિકારીઓમાં ડર જોવા મળી રહ્યો છે.

### માંજલપુર પોલીસ દ્વારા કાર્યવાહી શરૂ કરાઇ

26 ડિસેમ્બરે માધવીબા વિપુલસિંહ ઝાલા અને તેમનો પરિવાર દરબાર ચોકડી પાસે આવ્યો હતો અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ નજીક ચાઈનીઝ લારી પર જમવા ગયા હતા. તે સમય દરમિયાન વિપુલસિંહ ઝાલા ગાડી પાર્ક કરવા માટે ગયા હતા પરંતુ તેઓ ઘણો સમય થઇ ગયો હોય તેઓ પરત નહી આવતા પત્ની સહિતના પરિવારના સભ્યો તેમને શોધા માટે ત્યાં ગયા હતા. ત્યારે વડોદરા પાણી પુરવઠા વિભાગના કમ્પાઉન્ડમાં ગટરનું ઢાંકણ ખુલ્લું હોવાને કારણે વિપુલસિંહ ઝાલા તેમાં પડી ગયા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ફાયર બ્રિગેડ અને 108 એમ્બ્યુલન્સની ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન તેમને તાત્કાલિક બહાર કાઢી સારવાર માટે ખસેડાયા હતા પરંતુ સયાજી હોસ્પિટલમાં હાજર ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. કોન્ટ્રાક્ટર એજન્સીના માલિકો અને જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી શરૂ કરાઇ છે.

- પ્રણવ કટારીયા, એસીપી

## ખિસકોલી સર્કલ પાસે 5 દિવસથી પાણીની લાઇનમાં ભંગાણ, તંત્ર ઘોર નિદ્રામાં !

# સ્માર્ટ સિટી વડોદરામાં ‘ટીપું-ટીપું’ પાણી માટે વલખાં રસ્તા પર હજારો લિટર શુદ્ધ પાણીની ‘રેલમછેલ’!

ખિસકોલી સર્કલ બ્રિજ પાસે પીવાના પાણીની લાઇનમાં ભંગાણથી ; સ્થાનિકોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

શહેરના વોર્ડ નંબર 12માં સમાવિષ્ટ ખિસકોલી સર્કલ વિસ્તારમાં વડોદરા કોર્પોરેશનની ઘોર બેદરકારી સામે આવી છે. ખિસકોલી સર્કલ પાસે આવેલા બ્રિજ નજીકના કોર્નર પર છેલ્લા પાંચ દિવસથી પીવાના પાણીની મુખ્ય લાઈનમાં મોટું ભંગાણ સર્જાયું છે. આ ભંગાણને કારણે દરરોજ હજારો લિટર શુદ્ધ પાણી રસ્તાઓ પર વહી રહ્યું છે, જેના કારણે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ સ્થળે પાણી લીકેજની ઘટના કોઈ નવી નથી. અગાઉ પણ અનેક વખત તંત્ર દ્વારા અહીં રિપેરિંગ કામગીરી કરવામાં આવી છે. પરંતુ પાલિકાના કોન્ટ્રાક્ટર કે એન્જિનિયરો દ્વારા કરવામાં આવતી કામગીરીમાં ‘પોલાણ’ હોવાને કારણે, થોડા જ દિવસોમાં ફરી એ જ જગ્યાએ ભંગાણ પડે છે. લોકોનો આક્ષેપ છે કે માત્ર ઉપરછલ્લું થીગડું મારીને સંતોષ માનવામાં આવે છે, જેના કારણે સમસ્યાનું કાયમી નિરાકરણ આવતું નથી.

આશ્ચર્યની વાત એ છે કે વોર્ડ-12ના જ અનેક વિસ્તારોમાં રહીશો પીવાના પાણીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે. ઓછા પ્રેશરથી આવતા પાણીને કારણે ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. જ્યારે બીજી તરફ, મુખ્ય લાઈન લીકેજ હોવાને કારણે પાંચ-પાંચ દિવસથી કિંમતી પાણી ગટરોમાં વહી રહ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે ”અમે અનેકવાર રજૂઆત કરી છે, પણ તંત્ર માત્ર કામચલાઉ રિપેરિંગ કરે છે. છેલ્લા પાંચ દિવસથી રસ્તા પર નદીઓ વહે છે, શું આ જ સ્માર્ટ સિટીનું આયોજન છે?”

હાલ તો આ લીકેજને કારણે વાહનચાલકોને પણ રસ્તા પર ભરાયેલા પાણીમાંથી પસાર થવામાં મુશ્કેલી પડી રહી છે. હવે જોવાનું એ રહે છે કે વડોદરા મહાનગરપાલિકા આ મામલે ક્યારે જાગે છે અને જનતાના પરસેવાના પૈસે શુદ્ધ કરાયેલા પાણીનો આ વ્યય ક્યારે અટકાવે છે.

### વહીવટી તંત્ર સામે સવાલો

- શું જવાબદાર અધિકારીઓ સ્થળ મુલાકાત લઈને કામગીરીની ગુણવત્તા તપાસશે?
- પાંચ દિવસ સુધી પાણીનો વેડફાટ થયો તે બદલ જવાબદાર કોણ?
- શું આ વખતે કાયમી ઉકેલ લાવવામાં આવશે કે ફરી માત્ર ‘થીગડું’ જ મરાશે?
- શું મ્યુ કમિશનર આવા લાપરવાહ અધિકારીઓ અને કોન્ટ્રાકટર પર એક્શન લેશે ખરા?

## મકાનો વેચવા કાઢતા બિલ્ડરે આચરેલા કૌભાંડનો પર્દાફાશ

# બિલ્ડરે લોકોને અંધારામાં રાખી મોર્ગેજ કરેલી પ્રોપર્ટી પધરાવી

મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ અને પોલીસ કમિશ્નરને રજૂઆત છતાં બિલ્ડર વિરુદ્ધ તપાસ ઠેરની ઠેર

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરના માણેજા જાંબુઆ રોડ પરના સહજ ફ્લોરેન્સિયાના બિલ્ડર અર્પિત જોશીએ લોકોને જાણ કર્યા વિના બારોબાર મકાનો સહિતની પ્રોપર્ટી બેંકમાં મોર્ગેજ કરી દઈ લોકોને અંધારામાં રાખ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. અન્ય બેન્ક દ્વારા મકાનો સિલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવતા સ્થાનિક લોકોએ બિલ્ડર અને તેની સાથે બેન્કના મળેલા મેનેજર સહિતના કર્મચારીઓ પર ગંભીર આક્ષેપ કર્યા હતા. સાથે વકીલની સલાહ બાદ હવે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

વડોદરાના માણેજા જાંબુઆ રોડ પર આવેલા સહજ ફ્લોરેન્સિયાના બિલ્ડરે લોકો સાથે છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે. બિલ્ડર અર્પિત જોશી સામે અગાઉ મકરપુરા પોલીસ મથકમાં તેમજ પોલીસ કમિશ્નરને રજૂઆત સાથે વકીલ મારફતે નોટિસ પણ આપી હોવા છતાં પણ કોઈ કાર્યવાહી નહિ થતા બિલ્ડરે કરેલી છેતરપિંડીને લઈ મકાનો બેન્ક દ્વારા સિલ મારવાની તજવીજ હાથ ધરાતા સ્થાનિક લોકોએ ગંભીર આક્ષેપ લગાવી નારાજગી દર્શાવી હતી. સહજ ફ્લોરેન્સિયામાં રહેતા આશીષભાઈએ આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, વિવાદમાં એવું છે કે, અમે જે મકાન લીધા છે, જે એચડીએફસી બેન્કમાંથી લીધેલા, એચડીએફસી બેન્કમાંથી બિલ્ડરે જ અમને લોન કરાવી આપી હતી અને જે તે સમયે બિલ્ડરે અમને મકાન આપ્યા તે વખતે બધું એવું કહ્યું હતું કે, પ્રોપર્ટીના બધા ડોક્યુમેન્ટ ક્લિયર છે. ત્યારબાદ એ પ્રોપર્ટી અમારે નહીં જોઈતા અમે તેને સેલ કરવા માટે વિચાર્યું હતું. અમે બેંકમાં જે પાર્ટીને આપ્યું, એ પાર્ટીએ ત્યાં બેંકમાં બીજી કોઈ બીજી બેંકમાં લોન કરવા મૂકી હતી. ત્યાંથી જાણવા મળ્યું કે, આ પ્રોપર્ટી 2019 માં જે અમે લીધી એના બે વર્ષ પહેલાં એક ફાઈનાન્સ કંપનીમાં બિલ્ડરે મોર્ગેજ કરેલી છે, અને તેથી અમે આની જાણ બેંકમાં કરી કે, આવો કોઈ પ્રોબ્લેમ છે.

બેંકને કહ્યું કે, તમે જોયું નથી કે આ સમસ્યા છે. ત્યારે, બેંક વાળા એવું કહે છે કે અમારું કામ નથી પ્રોપર્ટી સર્ચ કરવાનું અને પ્રોપર્ટીને લીગલ ટેકનિકલ કરવાની તમારી જવાબદારી છે. એચડીએફસી આવું કોઈ કામ કરતી નથી. જે અમે એટીએમ હોય પ્રોપર્ટી એને અમે ફરીવાર સર્ચ કરતા નથી. અમે બિલ્ડરના ભરોસે લોન આપી દઈએ છીએ. ત્યારબાદ વારંવાર રજૂઆત કરતા એચડીએફસીમાં કોઈ પણ ત્યાં જવાબદાર માણસ મળતો ન હતો, અને કોઈ વ્યવસ્થિત જવાબ આપતું ન હતું, તેથી અમે લેખિતમાં આપ્યું કે, અમે હપ્તા ભરીશું નહીં. કારણકે મકાનની જે માલિકી છે. એ કદાચ અમારા હાથમાં રહે પણ નહીં ભવિષ્યમાં, એટલે અમે હપ્તા બંધ કરી દીધા. ત્યારબાદ એચડીએફસી બેન્કમાં વારંવાર જવાથી એક સાહેબે કહ્યું કે, તમે હપ્તા ભરવાના ચાલુ કરી દો. જેથી અમે રેગ્યુલર હપ્તા ભરવાના ચાલુ કરી દીધા છે, છતાં પણ બેંક એક ભૂલ થઈ ગઈ છે, એમાંથી છટકવા માંગે છે. હવે છટકી જઈ તેમણે ડાયરેક્ટ કોર્ટમાંથી હુકમ લઇ અને સીધા મકાનોને સીલ મારી દીધા, અમારા મકાનોને સીલ મારવામાં આવ્યા છે. બિલ્ડરનું નામ છે અર્પિત જોશી. અને બીજું જાણવા એવું મળ્યું છે કે, અહીંયા સોસાયટીનું ત્રણથી ચાર કરોડનું જે ફંડ છે. એ પણ એ લઈને જતો રહ્યો છે. અહીંયા સોસાયટીને પરત કર્યું નથી. બિલ્ડરે આવી રીતે અહીંયા 15 પ્રોપર્ટી મોર્ગેજ કરી દીધેલી છે. દસ મકાનો અને પાંચ દુકાનો છે અને એવી અલગ અલગ બેંકોમાં એણે આવી રીતે બેંકના મેનેજર જોડે ગમે તે રીતે સેટીંગ કરી અને લોનો કરાવી દીધી છે.

### વકીલના માર્ગદર્શનથી આગળની રણનીતિ ઘડીશું



રહીશ જયેશભાઈએ જણાવ્યું હતું કે, મારું ડી 503 માં મકાન આવેલું છે. અમે 2021 માં બિલ્ડર પાસેથી આ મકાન ખરીદ કર્યું હતું. પરંતુ સંજોગોવસાત જે પ્રોપર્ટીનું વેચાણ 2024 માં કરવા ગયા, ત્યારે અમને જાણ થઈ આ મકાન એટલે કે પ્રોપર્ટી પર 2019 માં ધિરાણ લીધેલું છે અને મોર્ગેજ કરેલી પ્રોપર્ટી છે. જેથી બેંક આગળ એમાં ધિરાણ ક્લિયર થાય નહિ ત્યાં સુધી આગળ દસ્તાવેજ કરી શકે તેમ નથી અને ત્યાર પછી એમાં બેંકના જે તે સમયના કર્મચારીઓની પણ સંડોવણી હોઈ શકે, જેણે લોન કરી હતી. લોકોને પણ અપીલ છે કે, જે તે પ્રોપર્ટી લેતી વખતે તમારે તમારી રીતે સ્વતંત્ર રીતે પણ ટેકનિકલ સર્ચ કે લીગલ સર્ચ કરાવવું હિતાવહ રહેશે. બિલ્ડર પર ભરોસો તો થોડા ઘણા અંશે રાખી શકાય. પરંતુ સંપૂર્ણપણે એના પર વિશ્વાસ રાખ્યા વગર સ્વતંત્ર રીતે ચકાસણી કરાવી જ જોઈએ. અમે આગળ વકીલોના માર્ગદર્શનથી આગળની રણનીતિ ઘડીશું. આજે મકાનો સીલ મારીને જાય છે. બેંક વાળા એ પરત મળે તો અમારી પાસે ખરીદનાર વ્યક્તિઓ પણ છે, તો બેંક વાળાને રજૂઆત છે કે, તેમની પ્રોપર્ટીનો નિકાલ કરે અથવા તો આ સમસ્યાનો ઉકેલ લાવે.

### બિલ્ડર સામે કોઇ કાર્યવાહી થતી નથી

જાણવા એવું મળે છે કે આમાં બેન્કનો કંઈકને કંઈક જગ્યાએ રોલ તો છે જ, બાકી બેંકના કર્મચારીઓના રોલ વગર આટલું મોટું કૌભાંડ થઈ શકે તેમ નથી. અત્યારે મકાનો પર બેંક સીલ મારવાની તજવીજ કરી રહી છે. આની ફરિયાદ પણ અમે પોલીસ કમિશનરને કરેલી છે, પણ ત્યાંથી પણ કોઇ કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. કોઈ તપાસ જ આગળ થઈ નથી. વકીલ મારફતે પણ નોટિસ મોકલેલી છે. જે રીતે વકીલનું માર્ગદર્શન થશે અને આમાં લીગલી કામ થતું હશે, એ રીતે અમે બધા આગળ વધીશું. એક વર્ષ પહેલાં પણ મકરપુરા પોલીસ સ્ટેશનમાં અમે ફરિયાદ આપેલી હતી , છતાં પણ પોલીસ દ્વારા કોઈપણ કાર્યવાહી થઈ ન હતી અને એવું લાગે છે કે, આમાં જે બિલ્ડર છે એનો લાંબો હાથ છે અને બિલ્ડર બધી જગ્યાએ પહોંચેલો છે. કોઈપણ જગ્યાએ કોઈ સરકારી માણસ આ બાબતમાં કામ કરતું નથી.

## સયાજીગંજમાં હાઇવોલ્ટેજ ડ્રામા: વાહન ચાલકનો ગંભીર આક્ષેપ

# વડોદરા પોલીસનો ‘ક્રેઈન’ વાળો પાવર દંડ ભરવા તૈયાર હોવા છતાં સ્કૂટી ઢસડ્યું!

**“પૈસા આપતી લક્ઝરી** કારો સામે પોલીસની આંખે પાટા, માત્ર મધ્યમ વર્ગ જ ટાર્ગેટ પર.”



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં ટ્રાફિક પોલીસની કામગીરી ફરી એકવાર વિવાદના ઘેરામાં આવી છે. પાર્ક કરેલી સ્કૂટીને ટ્રાફિક વિભાગની ટોઈંગ ક્રેનના માણસો દ્વારા જબરદસ્તીથી ખેંચી જવાના મામલે ભારે હોબાળો મચ્યો હતો. વાહન ચાલકે સ્થળ પર જ દંડ ભરવાની તૈયારી દર્શાવી હોવા છતાં, પોલીસ કર્મીઓ વાહનને ક્રેઈન સાથે બાંધીને પોલીસ મથકે ખેંચી ગયા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ચર્ચા જાગી છે.

મળતી માહિતી મુજબ, સયાજીગંજ વિસ્તારમાં એક યુવક અને તેનો ભાઈ પોતાની સ્કૂટી પાર્ક કરીને કામ અર્થે ગયા હતા. આ દરમિયાન ટ્રાફિક પોલીસની ટોઈંગ ક્રેન ત્યાં પહોંચી હતી અને વાહનને ઉપાડવાની તજવીજ હાથ ધરી હતી. વાહન ચાલક તુરંત ત્યાં પહોંચી ગયો હતો અને પોતાનું વાહન પકડી રાખ્યું હતું. ચાલકે પોલીસને વિનંતી કરી હતી કે તે નિયમ મુજબનો દંડ ભરવા તૈયાર છે, માટે તેનું વાહન છોડી દેવામાં આવે.

જોકે, આક્ષેપ છે કે ક્રેઈનના માણસો અને પોલીસ કર્મીઓએ તેની વાત સાંભળવાને બદલે જબરદસ્તીથી વાહનને રસ્તાની વચ્ચેથી ઘસડીને સાઈડમાં લઈ ગયા હતા અને ત્યારબાદ તેને સયાજીગંજ ટ્રાફિક પોઈન્ટ ખાતે લઈ જવામાં આવ્યું હતું.

શહેરમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે પોલીસ દ્વારા ‘નો પાર્કિંગ’ માંથી વાહનો ઉઠાવવાની કામગીરી અવિરત ચાલુ હોય છે. પરંતુ જ્યારે વાહન ચાલક સ્થળ પર હાજર હોય અને દંડ ભરવાની તૈયારી બતાવે, ત્યારે માનવતાના ધોરણે અને નિયમ મુજબ સ્થળ પર જ પાવતી આપી વાહન છોડી દેવાને બદલે તેને પોલીસ મથકે લઈ જવાની જીદ કેમ કરવામાં આવે છે? તેવા સવાલો ઉઠી રહ્યા છે.

### “મોટી ગાડીઓ સામે કાર્યવાહી કેમ નહીં?”

આ ઘટના દરમિયાન વાહન ચાલક અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં વાહન ચાલક આક્રોશ સાથે આક્ષેપ કરતા સંભળાય છે કેઃ “રસ્તા પર અનેક જગ્યાએ ગેરકાયદેસર રીતે લક્ઝરી કારો પાર્ક થયેલી હોય છે, પરંતુ તેના માલિકો પાસેથી કથિત રીતે નાણાં મળતા હોવાથી પોલીસ તેમની સામે કોઈ કાર્યવાહી કરતી નથી. માત્ર સામાન્ય મધ્યમ વર્ગના દ્વિચક્રી વાહન ચાલકોને જ નિશાન બનાવવામાં આવે છે.” ચાલકે વધુમાં જણાવ્યું હતું કે જો નિયમો બનાવવામાં આવ્યા હોય તો તે તમામ વાહન ચાલકો માટે એકસરખા હોવા જોઈએ. માત્ર સ્કૂટી સવારોને હેરાન કરવા તે કેટલું યોગ્ય?

## બ્રહ્માકુમારીઝ છાણી દ્વારા રાષ્ટ્રીય કિસાન દિવસની ઉજવણી




(પ્રતિનિધિ) વડોદરા તા. 30

બ્રહ્માકુમારીઝ છાણી દ્વારા પ્રાકૃતિક ખેતી, યોગિક ખેતી રાષ્ટ્રીય કિસાન દિવસ નિમિતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદ કૃષિ વિશ્વ વિધાલયના પ્રિન્સીપાલ ડો. કપિલ શર્માજી, ગુજરાત રિફાઇનરી ના વાઈસ પ્રેસિડેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ભ્રાતા પૂજન વૈષ્ણવ, આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડિરેક્ટર ભ્રાતા દીપક ભાઈ, વડોદરા અલકાપુરી સબઝોન સંચાલિકા બી કે ડો.નિરંજના દીદી, વોર્ડ 1 કોર્પોરેટર , બી કે રાજેશભાઈ દવે એક્સ જીએમ નાબદ, બી.કે મહર્ષિ ભાઈ દવે, બી.કે મીનાબેન વાસણા સેવાકેન્દ્ર, બી કે ભાવના બેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા એરપોર્ટ પરથી નવી મુંબઈની આજથી નવી ફ્લાઈટ શરૂ

# પ્રથમ દિવસે નવી મુંબઈથી 80 મુસાફરો આવ્યા અને 170 વડોદરાથી રવાના થયા

ઈન્ડિગોની પહેલ વડોદરા અને મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્ર વચ્ચે આર્થિક અને વ્યવસાયિક જોડાણને વેગ આપશે





(પ્રતિનિધિ)વડોદરા, તા.30

વડોદરા એરપોર્ટ ઉપર આજથી ઈન્ડિગો એરલાઇન્સ દ્વારા નવી ફ્લાઈટનું સંચાલન શરૂ કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે નવી મુંબઈથી કુલ 80 મુસાફરો આવ્યા હતા, જ્યારે 170 મુસાફરો વડોદરાથી નવી મુંબઈ માટે રવાના થયા હતા.

ઈન્ડિગો એરલાઈન્સે વડોદરાને નવી મુંબઈ સાથે જોડતી તેની નવી ફ્લાઈટનું સંચાલન શરૂ કર્યું છે, જે મહારાષ્ટ્ર સાથે હવાઈ જોડાણને મજબૂત બનાવે છે. આ પ્રસંગે, વડોદરા એરપોર્ટ પર બપોરે 14:15 વાગ્યે એક નાનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં એરપોર્ટ ડિરેક્ટર, એરપોર્ટ સલાહકાર સમિતિના સભ્યો, એરપોર્ટ મેનેજર ઈન્ડિગો, વિવિધ હિસ્સેદારો અને એરપોર્ટ સ્ટાફની હાજરીમાં યોજાયો હતો. ફ્લાઈટને મુસાફરોનો જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. નવી મુંબઈથી કુલ 80 મુસાફરો આવ્યા હતા, જ્યારે 170 મુસાફરો વડોદરાથી નવી મુંબઈ માટે રવાના થયા હતા. નવી ફ્લાઈટ સમયપત્રક પર ચલાવવામાં આવી હતી. જે ઈન્ડિગોની સમયપાલન અને કાર્યક્ષમ સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ નવો રૂટ મુસાફરીની સુવિધામાં વધારો કરશે અને વડોદરા અને મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્ર વચ્ચે આર્થિક અને વ્યવસાયિક જોડાણને વેગ આપશે તેવી અપેક્ષા એરપોર્ટ ડિરેક્ટર દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

# વડોદરા પાલિકા દ્વારા ઉત્તરાયણના પગલે 17 બ્રિજ પર GI કેબલ લગાવવામાં આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

આગામી 14 અને 15 જાન્યુઆરીએ ઉજવાતા ઉત્તરાયણ પતંગોત્સવને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં જાહેર સુરક્ષા માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. પતંગની દોરીથી થતા અકસ્માતો અટકાવવા તેમજ વાહનચાલકો અને પગપાળા રાહદારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિવિધ તકેદારી પગલાં લેવામાં આવ્યા છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ ડૉ. શીતલભાઇ મિસ્ત્રીએ જણાવ્યું કે ઉત્તરાયણ વડોદરાની આગવી ઓળખ ધરાવતો ઉત્સવ છે અને આ ઉત્સવ દરમિયાન નાગરિકોની સલામતી મહાનગરપાલિકાની પ્રાથમિકતા છે. પતંગોત્સવ દરમિયાન વધતા ટ્રાફિક અને ભીડને ધ્યાનમાં રાખી શહેરના મુખ્ય વિસ્તારોમાં પૂર્વતૈયારી કરવામાં આવી છે.



શહેરના કુલ 17 ઓવરબ્રિજ પર સ્ટ્રીટલાઈટના પોલ વચ્ચે GI કેબલ બાંધવામાં આવ્યા છે, જેથી ઉડતી પતંગો અથવા તેની દોરીથી રાહદારીઓને ઈજા ન થાય. આ વ્યવસ્થા અમિતનગર, ઉર્મિ, લાલબાગ, છાણી, પંડ્યા હોટલ, અટલ, કલાલી, દિનેશ મિલ, અકોટા દાંડીયા બજાર, નવાયાર્ડ, વિશ્વામિત્રી, હરિનગર, વડસર, સોમાતળાવ, પ્રતાપનગર અને ન્યૂ માંજલપુર બ્રિજ પર કરવામાં આવી છે. આ માટે અંદાજે રૂ. 95 હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાએ નાગરિકોને અપીલ કરી છે કે પતંગ ચગાવતી વખતે નાયલોન કે ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરે, વાહન ચલાવતા સમયે હેલ્મેટ અને સલામતી સાધનો પહેરે, તેમજ બાળકોને ખુલ્લા રસ્તા કે બ્રિજ પર પતંગ ચગાવવાની મંજૂરી ન આપે. કોઈ અકસ્માત કે ઈજા થાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા ઈમરજન્સી સેવાઓનો સંપર્ક કરવા પણ અપીલ કરવામાં આવી છે.મહાનગરપાલિકાએ નાગરિકોના સહકારથી ઉત્તરાયણ પતંગોત્સવને સુરક્ષિત અને આનંદમય બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.